1. સોલંકી વંશની સ્થાપના કોણે કરી હતી ?
   - મૂળરાજ સોલંકી

2. લોથલ કયા જિલ્લામાં આવેલું છે ?
   - અમદાવાદ

3. મૌર્યકાળમાં ગુજરાતનું પાટનગર કયું હતું ?
   - ગિરિનગર (ગિરનાર)

4. રૂદ્રદામાનો શિલાલેખ ક્યાં આવેલો છે ?
   - ગિરનારમાં

5. કયા વર્ષે સૌરાષ્ટ્ર અને કચ્છનો સમાવેશ દ્વિભાષી મુંબઈ રાજ્યમાં કરવામાં આવ્યો હતો ?
   - ઈ.સ.1956 માં

6. ધોળકા શહેર પહેલા કયા નામથી પ્રચલિત હતું ?
   - વિરાટનગરી

7. 1930માં ગુજરાતમાં બનેલા કયા બનાવે સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું ?
   - દાંડીકૂચ

8. ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કયા વર્ષે થઇ હતી ?
   - ઈ.સ.1920 માં

9. બાદશાહ અકબરના સમયમાં ગુજરાતમાં કઈ સવંત શરૂ થઇ હતી ?
   - ઇલાહી સવંત

10. ક્યાં સત્યાગ્રહથી વલ્લભભાઈ પટેલ ગાંધીજીના શિષ્ય બન્યા હતા ?
    - ખેડા

11. ગુજરાતનો છેલ્લો રાજપૂત રાજા કોણ હતો ?
- કર્ણદેવ

12. આરઝી હકૂમતની આગેવાની કોણે લીધી હતી ?

- રતુભાઈ અદાણીએ

13. મોઢેરાનું વિખ્યાત સૂર્યમંદિર કોના શાસનકાળ દરમિયાન બંધાયું હતું. ?
- ભીમદેવ સોલંકીના સમયમાં

14. ગાંધીજીએ સૌપ્રથમ આશ્રમ ક્યાં સ્થાપ્યો હતો ?
- કોચરબ

15. અમદાવાદમાં મજુર મહાજનની સ્થાપના ક્યારે થઇ હતી ?
- ઈ.સ.1920 માં

16. સારસ્વત મંડળ ગુજરાતના કયા જીલ્લાઓનું પ્રાચીન નામ હતું ?
- મહેસાણા,બનાસકાંઠા

17. ઢસાના કયા રાજવીએ ગાદીત્યાગ કરીને દેશભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું ?
- દરબાર ગોપાળદાસ

18. મૂળરાજ સોલંકીના પુત્ર ચામુંડા રાજે કોને હરાવેલ ?
- ધારાનગરીના પરમાર રાજા સિંધુરાજ

19. ગુજરાતમાં 'સ્વતંત્રતા' નામનું અખબાર કોણ ચલાવતું હતું ?
- ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ

20. વેરાવળનું પ્રાચીન નામ શું હતું ?
- બિલાવલ

21. વાઘેલા વંશની સ્થાપના કોણે કરી હતી ?
- વીસલદેવ વાઘેલા

22. સિદ્ધરાજ જયસિંહે કયા ઉપનામો ધારણ કરેલા હતા ?
- બર્બરક જિષ્ણુ ,અવંતીનાથ,ત્રિભુવનગંડ અને સિદ્ધચક્રવર્તી

23. ગુજરાતમાં મોગલ શાસનનો આરંભ કરનાર કોણ હતો ?
- અકબર

24. મૈત્રક શાસનનો અંત કોના દ્વારા થયો હતો ?
- આરબોના હુમલા દ્વારા

25. દામાજીરાવ ગાયકવાડે વડોદરાને ક્યારે જીતી લીધું હતું ?
- 1731માં

26. મૈત્રક વંશનો કુળધર્મ કયો હતો ?
- શૈવ

27. વાસ્કો-દ-ગામાને ભારત સુધી આવવાનો રસ્તો બતાવનાર ગુજરાતી નાવિક કોણ હતો ?
- કાનજી માલમ

28. સંસ્કૃત સંકીર્તન અને પ્રબંધ ચિંતામણી ગ્રંથો કયા વંશની માહિતી આપે છે ?
- ચાવડાવંશની

29. ગુજરાતના સુલતાનોના સમયમાં કયું બંદર પોર્ટુગીઝોએ જીતી લીધું હતું ?
- દીવ

30. મહેસાણા જિલ્લાના કયા સ્થળેથી પ્રાગૈતિહાસિક અવશેષો પ્રાપ્ત થયેલા છે ?
- લાંઘણજ

31. સલ્તનત સમયમાં ઘોડાના સોદાગરોના મુખ્ય કેંદ્ર તરીકે કયું નગર પ્રખ્યાત હતું ?
- ખંભાત

32. ગિરનાર પર્વતનું પૌરાણિક નામ શું છે ?
- રૈવતક

33. માંડલિક મહાકાવ્યની રચના કોણે કરી હતી ?
- કવિ ગંગાધર

34. ગુર્જર પ્રતિહારોની રાજધાનીનું નગર કયું હતું ?
- ભીન્નમાલ

35. અમદાવાદમાં ગુજરાતની પ્રથમ પદ્ધતિસરની ટંકશાળ કોણે શરૂ કરી હતી ?
- અહમદશાહ પહેલાએ

36. કઈ બે નદીઓની વચ્ચેનો પ્રદેશ લાટપ્રદેશ કહેવાતો ?
- મહી-રેવા

37. સલ્તનત યુગના ગુજરાત માટે આધારભૂત ગ્રંથ કયો છે ?
- મિરઆતે અહમદી

38. શ્રીકૃષ્ણના બાળમિત્ર સુદામા ક્યાંના હતા ?
- પોરબંદર

39. સિદ્ધરાજ જયસિંહે કઈ નદીના કિનારે રુદ્રમહાલય બંધાવ્યો હતો ?
- સરસ્વતિ

40. સોલંકી યુગ દરમિયાન ગુજરાતમાં કયા જાણીતા જૈન વિદ્વાન થઇ ગયા ?
- હેમચંદ્રાચાર્ય

41. ગુજરાતના પ્રાચીન ઇતિહાસનું સર્જન કરનાર વિદ્વાનોમાં કોનું નામ વિશેષ જાણીતું છે ?
- ડો.હસમુખ સાંકળીયા

42. મહમૂદ ગઝનવીએ ગુજરાત ઉપર ચઢાઈ કરી તે સમયે ગુજરાતમાં કોનું શાસન હતું ?
- ભીમદેવ પહેલાનું

43. સોલંકી રાજાઓના સમયમાં ગુજરાત કયા નામે ઓળખાતું હતું ?
- ગુર્જર દેશ

44. ગુજરાતમાં વ્યાયામ પ્રવૃત્તિના જનક તરીકે કયા બે મહાનુભાવોના નામ જાણીતા છે ?
- શ્રી છોટુભાઈ પુરાણી અને અંબુભાઈ પુરાણી

45. ગિરનારના શિલાલેખનું સૌપ્રથમ વાંચન કોણે કર્યું હતું ?
- જેમ્સ પ્રિન્સેસે

46. ઈ.સ.1948 માં ગુજરાતનો કયો પ્રદેશ કેન્દ્રશાસિત હતો ?
- કચ્છ

47. જયશિખરી ચાવડાએ કયુ નાનું રાજ્ય સ્થાપ્યું હતું ?
- પંચાસર

48. ગુજરાતમાં ખેડૂતોએ કરેલો પ્રથમ સત્યાગ્રહ કયો હતો ?
- ખેડા સત્યાગ્રહ

49. ગુજરાતના પૌરાણિક ઈતિહાસનો આરંભ કોના સમયથી થાય છે ?
- શર્યાતિ

50. 'તાના' અને 'રીરી' નાગર કન્યાઓ કયાની હતી ?
- વડનગરની